## ડાયરેક્ટ ❤ સે

જે તુજથી ના થઈ શકે
એ જ પ્રભુ પાસે કરાવ
પાણિયારું પ્રભુ ભરશે નહીં
ભરશે નદી-તળાવ

- દલપતરામ

## જન્મદિને વધામણી



બિપીનચંદ્ર સોમેશ્વર ઠાકર
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫



જિજ્ઞાસા રાવલ
મો. ૯૮૨૫૫ ૯૯૭૦૯



સંસ્કૃતિ રાવલ



ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સાધનસહાય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શિવમ કિરાણા, સૅક્ટર-૨૨ના વિરભદ્રસિંહના સહયોગથી અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની મેરાવડા, ખીલોડા-૧, ૨, લાલપુર, નવધરા, વાંદવોલ, બ્રહ્મપુરી, વજાપુર તથા છાત્રેશ્વરી શાળાઓનાં ૬૩૦ બાળકોને વિવિધ અભ્યાસસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ બાળકોને નોટબૂક, પૅન્સિલ, રબર, સંચો તથા પૅનનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં કર્મદેવસિંહ વાઘેલા, વિરભદ્રસિંહ, મિલિન્દભાઈ તથા ગામેતીભાઈ જોડાયા હતા. સંસ્થા તરફથી પ્રત્યેક નિશાળમાં મલમના ડબા પણ આપવામાં આવ્યા હતા.

## એસબીઆઈએ શરુ કરી નવી સુવિધા : ફેસબુક-ટ્વિટરથી મોકલી શકાશે નાણાં

ગાંધીનગર, તા. ૧૫

પોતાના ગ્રાહકોને સારી અને ફાસ્ટ સર્વિસ આપવા માટે જાણીતી છે. આ અંતર્ગત એસબીઆઈએ એક શાનદાર સર્વિસ શરુ કરી છે, જેના દ્વારા તમે તમારા ફ્રેંડ્સને હવે ફેસબૂક અને ટ્વિટર દ્વારા પણ પૈસા ટ્રાંસફર કરી શકશો. આ તમે ની એપ દ્વારા કરી શકશો. આ સર્વિર્સથી તમે ફેસબૂક પેજ અને ટિંટર હેંડલ દ્વારા માત્ર પૈસા જ નહી પરંતુ બેલેંસ ચેક કરવા સહિત લાસ્ટ પાંચ ટ્રાંજેક્શનની પણ જાણકારી મેળવી શકશો.

આના માટે તમારે આ એપ ડાઉનલોડ કરવી પડશે—સોશિયલ મીડિયા દ્વારા બેંકિંગને સંભવ બનાવવા માટે ભારતીય સ્ટેટ બેંકે ‘એસબીઆઈ મિંગલ એપ’ લોન્ચ કરી છે. આ એસબીઆઈની સોસિયલ બેંકિંગ એપ છે. આ એપને તમે ગૂગલ પ્લે સ્ટોરથી ડાઉનલોડ કરી શકો છો.

આવી રીતે કરી શકાશે ઉપયોગ - આ એપનો ઉપયોગ શરુ કર્યા પહેલા તમારે રજિસ્ટર કરવાનું રહેશે. આના માટે જેવી તમે એપ શરુ કરશો, તેમાં યૂઝરનું ઓપ્શન આવશે. આના પર તમારે ક્લિક કરી તમારે તમારી ડિટેલ રજિસ્ટર કરવાની રહેશે. ત્યારબાદ ‘કનટીન્યુ વીથ ફેસબૂક’ના વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે.

બીજુ સ્ટેપ - આ ઓપ્શન પર ક્લિક કર્યા બાદ તમારે તમારા ફેસબૂક યૂઝર નેમ અને પાસવર્ડથી લોગ ઈન કરવાનું રહેશે. જેવા તમે આગળ વધશો, તો તમને તમારા એસબીઆઈ ડેબિટ કાર્ડની ડિટેલ માંગવામાં આવશે.

ત્યારબાદ, તેને વેલિડેટ કરતા જ તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર બેંક તરફથી ઓટીપી મોકલવામાં આવશે. આને એંટર કર્યા બાદ પાસવર્ડ સેટ કરવાનો રહેશે. ત્યરબાદ એપ દ્વારા લેવડ-દેવડ કરી શકશો.

### ધોરણ-૧૨નાં પેપર તપાસવામાં શિક્ષકોએ ૫૭૪૨ છબરડા કર્યા

# એક માર્કની ભૂલે ૧૦૦ રૂપિયે કપાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વડોદરામાં ગત માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ ૧૨ની પરીક્ષામાં કુલ ૫૭૪૨ પરીક્ષક-શિક્ષકોએ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની તપાસણીમાં ટોટલ સહીત અન્ય પ્રકારની ભૂલો કરી હોવાનું બહાર આવ્યું છે. ભૂલોના આધારે બોર્ડે સંબંધીત પરીક્ષક શિક્ષકોને નોટીસ મોકલી તેમનો ખૂલાસો માંગ્યો છે. ખૂલાસાના આધારે શિક્ષકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામા આવશે. માર્ચ-૨૦૧૮માં અંદાજે ૬ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ કોમર્સની તેમજ અંદાજે ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા આપી હતી. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ બોર્ડે ઉત્તરવહીઓના ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. ઉત્તરવહીઓ તપાસાઈ ગયા બાદ વિદ્યાર્થીઓનુ પરિણામ તૈયાર કરવાની મહત્વની કામગીરી બોર્ડે હાથ ધરી હતી. જો કે સોફ્ટ સ્વરૂપમાં પરિણામ તૈયાર કરતાં પહેલાં બોર્ડે ઉત્તરવહીઓનું ક્રોસ ચેકીંગ કર્યું હતુ.

દરમિયાન માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓએ છબરડાં વાળનારા આ શિક્ષકોને પત્ર લખી તેમને જવાબ લખાવવા જણાવ્યું છે. જવાબના આધારે આ દોષિત શિક્ષકો સામે તેમણે કરેલાં છબરડાની માત્રાના આધારે આર્થિક સ્વરૂપે શિક્ષા કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

મા.શિક્ષણ બોર્ડના સૂત્રોએ પરીક્ષકોના છબરડાં અંગે જણાવ્યું હતુ કે, ધો.૧૨ કોમર્સના એક વિદ્યાર્થીએ પ્રશ્નના ઉત્તરમાં ૧.૫ માર્કસ મેળવવ્યાં હતા. તેનું ટોટલ કરવામા પરીક્ષકે છબરડો વાળતાં તેના સીધા ૧૫ માર્કસ થઈ ગયાં હતા. અન્ય એક વિદ્યાર્થીની ઉત્તરવહીની ચકાસણીમાં પેપર તપાસનારા શિક્ષકે તેને ૧૦ માર્ક વધારે આપી દીધા હોવાનું બહાર આવ્યું હતુ. એક વિદ્યાર્થીને આ રીતે છબરડામાં જ ૨૩ માર્ક વધારે મળ્યાં હતા.

પરીક્ષકો ભૂલો કરે તો તે માટે માધ્યમિક શિક્ષણ બોર્ડે આર્થિક સ્વરૂપે શિક્ષાની જોગવાઈ કરી છે. બોર્ડની જોગવાઈ પ્રમાણે પરીક્ષક જો એક માર્કની ભૂલ કરે તો તેને ૧૦૦ રૂપિયાનો દંડ થાય છે. તેવી જ રીતે બે ભૂલ કરે તો તે પ્રમાણે ૨૦૦ રૂ. દંડ થાય છે. દંડની રકમ આ રીતે પરીક્ષકે કરેલી ભૂલોની સંખ્યાના પ્રમાણમાં એકસોના ગુણાંકમાં વધતી જાય છે.

## એમઈ-એમફાર્મમાં પ્રવેશ માટે ૧૯૮૧ વિદ્યાર્થીએ એન્ટ્રન્સ ટેસ્ટ આપી

### ૨૦મીએ પરીક્ષાનું પરિણામ જાહેર કરીને મેરિટના આધારે પ્રવેશની ફાળવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૫

એમ.ઈ. અને એમ.ફાર્મ.ના કોર્સમાં પ્રવેશ માટે જે વિદ્યાર્થીઓએ ગેટ અને જીપેટ આપી નહોતી તેવા વિદ્યાર્થીઓ માટે આજે શનિવારે અને રવિવારે ખાસ એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરાયું છે. શનિવારે લેવાયેલી એન્ટ્રન્સ ટેસ્ટમાં કુલ ૧૯૮૧ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. રવિવારે પણ કોમ્પ્યુટર સહિતની કેટલીક બ્રાન્ચ માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવી હતી.

ડિગ્રી એન્જિનિયરિંગ પછી માસ્ટર ઓફ એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા લેવલે ગેટ લેવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ ગેટ પાસ થઈ શકતા નથી અથવા તો ગેટ આપી શક્યા ન હોય તેમના માટે વધારાની એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ જ રીતે માસ્ટર ઓફ ફાર્મસીમાં પ્રવેશ માટે જીપેટ લેવામાં આવે છે. જીપેટની અવેજીમાં પણ ખાસ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. આમ, એમ.ઈ. અને એમ.ફાર્મ. બન્નેમાં નેશનલ લેવલની પરીક્ષા આપી ન હોય તેમના માટે વધારાની પરીક્ષા લેવામાં આવી હતી. શનિવારે આ પરીક્ષા આપવા માટે કુલ ૧૮૪૩ વિદ્યાર્થીએ દરખાસ્ત કરી હતી. જે પૈકી ૧૩૮ વિદ્યાર્થી ગેરહાજર રહેતા ૧૯૮૧ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. સામાન્ય રીતે અત્યાર સુધી આ પરીક્ષા માત્ર અમદાવાદમાં જ લેવામાં આવતી હતી. જેના બદલે આ વખતે અમદાવાદમાં એલ.ડી. ઈજનેરી કોલેજ ઉપરાંત એમએસયુ વડોદરા, રાજકોટ અને સુરત એમ, ચાર શહેરોની સરકાર ઈજનેરી કોલેજોમાં પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. રવિવારે પણ કેટલાક વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. હવે, પરીક્ષાની આન્સર કી જાહેર કરાશે. ત્યારબાદ તા.૨૦મીએ પરીક્ષાનું પરિણામ જાહેર કરીને મેરિટના આધારે પ્રવેશની ફાળવણી કરાશે.

## પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની હીનાએ યુપીએસસીની પરીક્ષા પહેલા પ્રયત્ને પાસ કરી

### પિતા પાલનપુરમાં ચ્હાની કિટલી ચલાવે છે, તે એક સજ્જનની મદદથી અમદાવાદમાં અભ્યાસ કરી રહી છે

દેશમાં સનદી સેવાઓમાં જોડાવા માટેની યુપીએસસીની પરીક્ષાઓ આજે પણ અઘરી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. આ પરીક્ષામાંથી પાર ઉતરવા ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ એકથી વધુ પ્રયત્નો કરવા પડતાં હોય છે ત્યારે ઉત્સાહ અને જોશથી આગળ વધી રહેલી ગુજરાતની એક પ્રજ્ઞાવાન, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની હીના રાઠીએ આ કઠીન પરીક્ષાનો પ્રથમ પડાવ પહેલા જ પ્રયત્નમાં પાર કરી લીધો છે. ૧૪ જુલાઈએ યુપીએસસી પ્રીલિમ્સનું પરિણામ જાહેર થયું છે. આ પરીક્ષામાં ગુજરાતમાંથી ૨૫૦૦ ઉમેદવારો બેઠેલાં તેમાં ૧૫૦ પાસ થયા છે, તેમાંની હીના રાઠી પણ એક છે. બાળપણથી જ તેનું સ્વપ્ન કલેક્ટર બનવાનું છે. હીના જન્મથી જ નબળી દૃષ્ટિ ધરાવતી હતી. આઠ વર્ષની ઉંમરે તે પહોંચી ત્યારે તો દૃષ્ટિ વિલાઈ ગઈ હતી. બાળપણમાં ટેલિવિઝન પર દર્શાવાયેલી એક ફિલ્મ અને પછી તેના દાદાજીની પ્રેરણા, પ્રોત્સાહનથી તેની પ્રજ્ઞાવાન આંખોએ કલેક્ટર બનવાનું સપનુ જોયું. - અને પછી આ સપનુ સાકાર કરવાનો પુરુષાર્થ આરંભ્યો હતો. ૨૨ વર્ષની પ્રજ્ઞાચક્ષુ હીનાએ અંગ્રેજી સાહિત્ય સાથે બી.એ. કર્યું છે, તેના પિતા પાલનપુરમાં ચ્હાની કિટલી ચલાવે છે. તે એક સજ્જનની મદદથી અમદાવાદ ખાતે રહીને તે અભ્યાસ કરી રહી છે. આજની સફળતા અંગે હીના ખુશી વ્યક્ત કરતાં કહે છે, કે મારી તો મર્યાદા છે, તેથી વાંચી નથી શકતી. કોઈ વાંચે ત્યારે સાંભળીને તૈયારી થાય છે. તેથી મારી મહેનત કરતાં દાદા, મારા માટે વાંચનારા બધા અને મારા પેપર લખનારા દરેકની મહેનત સફળ થઈ એનો વિશેષ આનંદ છે.

હીના કહે છે કે, કોઈ બે કે ત્રણ કલાક વાંચે અને હું તે સાંભળુ. તે ઉપરાંત યૂ ટ્યૂબ પર ઓનલાઈન કોઈ લેક્ચર સાંભળુ, બાકી બ્રેઈલ લિપિમાં અમારા માટે કોઈ પ્રકારની વાંચન સામગ્રી ઉપલબ્ધ નથી. હું મારી નોટ્સ જાતે બનાવતી, અને કેટલુંક મટિરિયલ અમે બ્રેઈલમાં તૈયાર પણ કર્યુ. પણ તેનો ખર્ચ વધુ છે. એક કાગળના રૂ. ૧૦ થાય. સામાન્ય બુકનું એક પાનુ હોય એના બ્રેઈલમાં દસ પાના થાય. અમને કોઈ પીડીએફ પણ ન મળે. એક અંકલે આ બધુ મટિરિયલ તૈયાર કરવા માટે રૂ. ૪૫૦૦૦ની મદદ કરી હતી. હવે તો મારે નવ પેપરની તૈયારી કરવાની છે. બધા માટે નવા રીડર અને રાઈટર શોધવાના અને ફરી બ્રેઈલમાં બધુ મટીરીયલ તૈયાર કરવાનું. એટલે હવે તો મારે વધુ મહેનત કરવાની છે.

જ્યારે તેને પોતાના ઘરમાં રહેવાની વ્યવસ્થા કરી આપીને અભ્યાસમાં મદદ કરનાર દાદા જણાવે છે કે, હીના યુપીએસસી પાસ કરનારી પ્રથમ ગુજરાતી છોકરી બની છે. આ પહેલાં તેની તૈયારી માટે બે સજ્જનો પાસેથી અમને રૂ. ૪૫ હજાર અને રૂ. ૨૫ હજાર મળ્યા. એમ હજુ મળી રહેશે. મેં એને કહી રાખ્યું છે કે, એણે બસ મહેનત કરવાની. બાકીની બધી વ્યવસ્થા અમે કરી લઈશું. જીપીએસસી અને યુપીએસસીની પરીક્ષાની તૈયારીઓ કરનાર દરેક માટે હીનાનો આ ઉત્સાહ, તેને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે મળી રહેલું પ્રોત્સાહન અને તેની આ પ્રથમ પડાવની સફળતા દરેક માટે પ્રેરણાદાયી છે.

## સોશિયલ મીડિયા.કોમ

કેટલાંક લોકો તમને નફરત માત્ર એટલા માટે કરે છે કારણ કે ઘણાં લોકો તમને માન આપે છે.

●

તારીખોં મેં ધીરે ધીરે વ્યતીત હો રહે હૈં હમ
આજ હૈ લેકિન હર ક્ષણ અતીત હો રહે હૈં હમ

●

ગરજ પતે ને મને એમ હરઘડી ફેંકે,
બળ્યા પછી કોઈ જાણે દીવાસળી ફેંકે.
એ એમ તાકીને ફેંકે નજર અમારા પર,
નિશાન રાખી કોઈ જેમ કાંકરી ફેંકે.
નહીં સમાવી શકું મારા ખોરડે એને,
કહો બધાને ઉદાસી ના ઘરભણી ફેંકે.
હતાશ થઈને કદી બાળ ફેંકે દફતરને,
કે એવી રીતે કોઈ ક્યાંથી જિંદગી ફેંકે ?
નસીબ ફેંકે તો સમજી શકાય છે મિત્રો,
પણ આદમીને અહીં જોને આદમી ફેંકે.

●

જગતમાં જન્મ અને મૃત્યુ આ બે જ ઘટનાઓ મુહૂર્ત વગર થાય છે, બાકી બધી આપણી ગોઠવેલી રમતો છે.

●

એકાંતમાં ભલે તમે અપસૅટ થાવ કે રડી લો પણ પોતાની જાતને જાહેરમાં હંમેશાં ખુશ રાખો. કારણ કે તમને જોઈને ઘણાં લોકો ખુશ થતાં હોય છે.

●

પૈસા માણસને ખરીદી ગયો અને માણસ એ ભ્રમમાં રહી ગયો કે હું પૈસાથી બધું ખરીદું છું.

●

સત્ય મૌન રહે તો સૌ પૂજે છે,
પરંતુ સત્ય બોલવા લાગે તો સૌ ધ્રૂજે છે.

●

જીવનનું કામકાજ પણ આપણા ટ્રાફિક જેવું છે.
જેને ‘લૅફ્ટ’ જવું છે તે સડસડાટ જઈ શકે છે ને જેને ‘રાઈટ’ જવું છે તેને ટ્રાફિકમાં અટવાવાનું છે.

●

તાકાત શબ્દોમાં રાખો, અવાજમાં નહીં. કારણ કે ખેતી વરસાદનાં પાણીથી થાય છે, પૂરથી નહીં.

●

સ્મરણ લીલું કપૂરી પાન જેવું, હવામાં ચોતરફ લોબાન જેવું.
ઉડાડી છેક દરિયાપાર લઈ ગઈ, હસી એક છોકરી વિમાન જેવું.
ઉઘાડી આંખે છે દૃશ્ય ગાયબ, સહજમાં થઈ ગયું છે ધ્યાન જેવું.
હશે આ ઘરની બારીનેય આંખો, હશે આ ભીંતને પણ કાન જેવું.
ખબરઅંતર પૂછે ખેરાત જાણે, કરે છે સ્મિત તે પણ દાન જેવું.
ઊભી પૂંછડીએ જે ભાગી રહ્યું છે એ લાગે છે કોઈ ઈન્સાન જેવું.
હતું જે સ્વપ્નમાં રેશમ મને મલમલ, જાગીને જોઉં તો કંતાન જેવું.
અદમ આ શ્વાસની ખીંટીએ લટકે, અમારું હોવું ખાલી મ્યાન જેવું.

- અદમ ટંકારવી

●

એકવાર દુખમાં શું હસી લીધું,
ઈશ્વરને એમ કે આને ફાવી ગયું !

●

નિષ્ફળતા જેવું કશું હોતું નથી,
હોય છે માત્ર પ્રયત્નોનું છોડી દેવું.

●

માણસને મળતી દરેક વસ્તુ કોઈ એની જ મહેનતથી નથી મળતી, ક્યારેક કોઈના આપેલ આશીર્વાદથી પણ કમાલ કરી જાય છે.

●

મારું વાક્ય આવું છે; ગુજરાતી મારી મા છે, હિન્દી મારી માસી છે, સંસ્કૃત મારી દાદીમા છે અને અંગ્રેજી મારા પડોશમાં રહેતી રૂપાળી, વિદૂષી, વિદેશી નારી છે. મને અંગ્રેજી ખૂબ ગમે છે, હું વિદેશ જાઉં ત્યારે એને પગે લાગીને ૧૫૧ ડૉલર લઈને જાઉં છું, પણ ઉંઘ ના આવે તો હાલરડું તો મારી મા એટલે કે ગુજરાતી જ ગાય, અને પેટમાં દુઃખે તો બેટા, ઘી-ગોળ-સૂંઠ ખાઈ લે તેવું તો મારી દાદીમા જ શીખવાડે. મને બધા માટે સન્માન છે, પણ મા અને દાદીમા માટે પ્રેમ છે, કારણ કે એ બંને આજે પણ મારા લોહીમાં વહે છે.

- ભાગ્યેશ જહા

## મનઃકાન્તિ

ઘણાં લોકો એવી ફરિયાદ કરતાં હોય છે કે ‘આપણાં પોતાનાં લોકો દગો કરે, વિશ્વાસઘાત કરે એટલે દુખ થાય છે.’ પરંતુ આપણે એ નથી વિચારતા કે આ અંગત-પોતાનાં લોકો છે, આપણે પોતે તો નથી જ. એ આપણી જાત સિવાયનાં અન્યો છે. એક ઉદાહરણ આપું. માની લો કે આપણે એક બિંદુ છીએ - ટપકું. અને આપણી આસપાસ એક વર્તુળ છે, તેનો પરિઘ એ આપણાં અંગત વ્યક્તિઓ છે. હવે વિચારો. તમારી બિલકુલ નજીક, અડીને કોણ છે ? તમારી પોતાની જાત, બાકીના તો પરિઘ પર છે. બિંદુ વિસ્તરીને પરિઘ બની શકે, પરિઘ સંકોચાઈને બિંદુ નહીં બની શકે ! જે દિવસે તમને પોતાને તમારી જાતને ઍન્ટરટેઈન કરતાં, મસ્તીમાં મસ્ત રાખતાં આવડી જશે તે દિવસે તમારા પેલાં આનંદ, ખુશી, શાંતિ, સંતોષના ખજાનાની ચાવી પણ તમને મળી જશે.

- સ્વાતિબા વાઘેલા

## અમર કાવ્ય વારસો

### દુહા

ગિયા માંસ ગળ્યે, તો હાડ હેવાયાં કરે;
માતા જાય મર્યે, કેમ વીસરીએ, કાગડા ?
પંડમાં પીડ ઘણી, સાંતીને હસતી સદા;
માયા માત તણી, કેમ વીસરીએ કાગડા ?
જમ જડાફા ખાય, મોતે નાળ્યું માંડીયું;
છોરૂની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ?
ધમણે શ્વાસ ધમાય, ઘટડામાં ઘોડાં ફરે;
છોરુની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ?
કીધા ન જીભે કેણ, નાડ્યું ઝોંટાણાં લગી;
ન કર્યાં દુઃખડા નેણ, કેમ વીસરીએ કાગડા ?
આખર એક જતાં, કોડ્યું ન આખર કામના,
મોઢે બોલું ‘માં’, કોઠાને ટાઢક કાગડા !
મોઢે બોલું ‘માં’, સાચેય નાનક સાંભરે;
મોટપની મજા, મને કડવી લાગે કાગડા !
અડી ન જગની આગ, તારે ખોળે ખેલતાં;
તેનો કીધેલ ત્યાગ, કાળજ સળગે કાગડા !
ભગવત તો ભજતાં, માહેશ્વર આવી મળે;
મળે ન એક જ માં, કોઈ ઉપાયે કાગડા !
મળી ન હરને માં, મહેશ્વર જો પશુ થયાં;
પણ જાયો ઈ જશોદા, કાન કેવાણો, કાગડા !
જનની કેરું જોર, રાઘવને રે’તું સદા;
માને ન કરી મોર, કરિયો પિતાને, કાગડા !
મોટાં કરીને માં, ખોળેથી ખસતાં કર્યાં;
ખોળે ખેલવવાં, કરને બાળક, કાગડા !
સ્વારથ જગ સારો પધારો ભણશે પ્રથી;
તારો તુંકારો, ક્યાંય ન મળે કાગડા !
જનની સામે જોઈ, કપૂત તુંકારા કરે;
જ્યાં જ્યાં જનમે હોય, કડવું જીવન કાગડા !
જે કર માડી ઝીલીઆ, જે કર પોષ્યા જોય,
તેડી લેજે તોય, એ કરથી છેવટ કાગડા !

- દુલા ભાયા કાગ


# લોકપરંપરાની કવિતાના આસ્વાદનો ગ્રંથ ‘શબદ અને સરાણ્ય’

જ્યારે કોઈ શસ્ત્રને સજવું હોય ત્યારે તેને સરામે ચડાવવામાં આવે છે, જેથીતેની ધાર તીક્ષ્ણ અને તેજ બને છે. પરંતુ શબ્દને સરાણે ચડાવવો હોય તો ? તેને આસ્વાદક પાસે મોકલવો પડે. આવા શબ્દને સરાણે ચડાવવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે, જેની આ વાત છે.

લોકસાહિત્યકાર અને ડાયરાના લોકસાહિત્યના ચારણી પરંપરાના પ્રતિનિધિ એવા જીતુદાન ગઢવીએ ગુજરાતના કેટલાક કવિઓ અને મિત્રોને પોતાની રચનાઓ મોકલી તેનું મિત્રભાવે આસ્વાદન કરાવી તેનું દળદાર ગ્રંથરૂપે પ્રકાશન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરાવ્યું છે. કોઈ વ્યાવસાયિક પ્રકાશક દ્વારા પ્રકાશન થયેલ ન હોઈ પુસ્તકના પાને પાને પ્રૂફની અનેક ક્ષતિઓને કારમે વિદ્વાનો અને ગણમાન્ય કવિઓની શક્તિ વેડફાઈ ગઈ હોય તેવું અનુભવાય છે, છતાં જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે કાબિલેતારીફ છે.

પ્રકાશકની પ્રસ્તાવના શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સૅક્રેટરી પ્રવીણ ક લહેરીએ ખૂબ સંક્ષેપમાં આપી છે, તો અક્ષરના ઓધાન શિર્ષકથી લંબાણપૂર્વક પુસ્તકના પ્રકાશન અંગેની જહેમત અને દોહરા, ગઝલના બંધારણ તેમજ ડાયરા અંગેની વાતો ઉદાહરણ આપી રજૂ કરવામાં આવી છે. તે પછી શ્રી મોરારિબાપુના નામે ઉર્દુ ગઝલથી લઈને માનસ ગીતા, મહાભારત વિગેરેની વાતો સાથે કવિતામાં કવિતા, જીતુદાનભાઈએ પોતાની રચનાઓની રચનારીતિ અને ગામઠી જીવનના તળપદા શબ્દોને સાચવવાના તેમના પ્રયત્નોની વાત ઉદાહરણ સહિત રજૂ કરી છે.

શબ્દ અને સરાણ્ય પુસ્તકમાં આસ્વાદો કક્કાવારી નામ, ક્રમાંકે સાંકળિયું રૂપે મૂક્યા છે. તેમાં ૫૪ જેટલા મહાનુભાવોએ એક એક રચનાનો સુંદર મૈત્રીપૂર્ણ આસ્વાદ




કરી આપેલું છે. તેની શરૂઆત થાય તે પહેલાં ‘શું ખબર !... શું થાવું ગમે, સમજવા છતાં છેતરાવું ગમે છે.’ જેવા શિર્ષકથી આભાર સ્વરૂપે જીતુદાનભાઈએ લખાણ મૂક્યું છે. તે પછી ‘આપણા મલકનો મોંઘો માણસ જિતુદાન ગઢવી’ એમ કહી શાહબુદીન રાઠોડે પોતાની આગવી શૈલીમાં મૂલવણી કરી છે.

ફરી પાછું કંઈ બાકી રહી જતું હોય તેમ જાણવા જોગ એન્ટ્રી જિતુદાન ગઢવીની થ ઈ છે. અને તે પછી એક લાંબો લેખ ‘જેડી પ્રીત સરાણીયા એડી નહિ રાણા’ પાટનગર પ્રકાશના સૌજન્યથી મૂકવામાં આવ્યો છે. તે બાદ જિતુદાન ગઢવીએ કચ્છી ભાષાના આસ્વાદનું ગુજરાતીકરણ પાના નં. ૫૬થી ૬૦ સુધી મૂક્યું છે. તે પછી નમન... નમન ગઝલ, અનોધા આદર, અલ્લાહ અલ્લાહ છંદ છપ્પય, દોહરા અને છંદ કવિતા તેમજ વાકેફિયત લખી છે તેમ સ્તુતિ પ્રસ્તુત કરી છે.

આસ્વાદકોમાં આર સી મારુથી શરૂ થયેલ આસ્વાદ યાત્રા પાના નં. ૭૧થી ૩૫૪મા પાને હિંમતભાઈ પંડ્યાથી વિરમે છે. તે પછીનાં પાનાઓમાં સોમનાથી આસપાસનાં દર્શનીય સ્થળોની વિગતો, પ્રભાસપાટણ (સોમનાથ) બસ સ્ટેન્ડથી ઉપડતી બસોનું સમયપત્રક, ટ્રેઈનનું સમયપત્રક, આવાસવ્યવસ્થા, ભગવાન સોમનાથની મુખ્ય પૂજાવિધિઓની માહિતી તેમજ જિતુદાનભાઈની ભાવવાહી તસવીર અને સોમનાથ શિવલીંગની તસવીર પાછળના મુખપૃષ્ઠ પર દર્શાવવામાં આવી છે, જે અનેક લોકોને ઉપયોગી થઈ શકે તેમ છે. સોમનાથ ટ્રસ્ટ તેમજ જિતુદાનભાઈ ગઢવીને અભિનંદન ઘટે છે.

શબ્દ અને સરાણ્ય
લેખક : જિતુદાન ગઢવી
પ્રકાશક : શ્રી સોમનાથ ટ્રસ્ટ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮
કિંમત રૂા. ૯૦/-